
# 4. ગુજરાત મોરી મોરી રે !



**ઉમાશંકર જોશી**

**જન્મ : ઈ.સ. ૧૯૧૧ મૃત્યુ ઈ.સ. ૧૯૮૮**

ઉમાશંકર જેઠાલાલ જોશીનો જન્મ ઇડર પાસેના બામણા ગામમાં થયો હતો. તેઓ ગુજરાતીના જ નહીં, ભારતીય સાહિત્યના એક પ્રતિભાવંત સર્જક, ચિંતક અને વિવેચક છે. મોટા ગજાના કવિ ઉપરાંત વાર્તા-એકાંકીના અનોખા લેખક, નિબંધકાર, વિવેચક, સંશોધક તથા અનુવાદક તરીકે ઉત્તમ કાર્ય કરેલ છે. તેઓના 'ગંગોત્રી', 'નિશીથ', 'પ્રાચીના', 'શ્રાવણી મેળો','સાપના ભારા' વગેરે પુસ્તકો છે. તેઓને જ્ઞાનપીઠ પુરસ્કાર સહીત અનેક માન-સન્માન પ્રાપ્ત થયા છે. કેન્દ્રીય સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પણ રહ્યા હતા. મૌલિક પ્રતિભા ઉપરાંત બહોળો અનુભવ, વિશાળ વાંચન, તીક્ષ્ણ બુદ્ધિ અને પારદર્શી દૃષ્ટિના સમન્વયવાળું તેમનું સાહિત્ય અમૂલ્ય ખજાનો છે.

ગુજરાત પ્રત્યેનો અહોભાવ પ્રગટ કરતું આ એક ઊર્મિકાવ્ય છે. અંગેજીમાં લિરિક નામનો એક કાવ્યપ્રકાર છે. તે ગ્રીક સાહિત્યમાંથી અંગ્રેજીમાં આવ્યો અને અંગ્રેજી લિરિકની અસર નીચે ઊર્મિકાવ્યો લખાયાં અને વિકસ્યાં. એક જમાનામાં ગીત અને ઊર્મિ કાવ્ય વચ્ચે કશો ભેદ નહોતો. પણ પછી ભેદ સ્પષ્ટ કરવામાં આવ્યો. આ સ્વરૂપમાં એક ભાવ અને વિચારનું અસરકાર નિરૂપણ હોય છે. વિચાર, ચિંતન અને કલ્પનાથી આ અનુભવ સઘન બને છે. છંદોબદ્ધ અછાંદસ કે ગદ્યની નજીકની આ ભાષા હોય, પરંતુ એમાં શબ્દની સ્વર વ્યંજન સંવાદિતાનો એક ભાવવાહી લય ગૂંથાતો હોય છે.

આ કાવ્ય પ્રદેશપ્રેમનું, પ્રાંત પ્રત્યેની લાગણીનું, ગુજરાતની પ્રશસ્તિનું છે. ગુજરાત વિશેના ઉત્તમ કાવ્ય પૈકીનું આ એક છે. આ કાવ્યની અને એમાં નિરૂપિત કવિભાવનાની મોટી ખૂબી એ છે કે એ ગુજરાતની પ્રશંસા કરે છે છતાં એમાં સંકુચિતતા કે આવેશ નથી. આમાં સરળ-સહજ અને સમતોલ ભાવ પ્રગટ થાય છે. ભારતની ભોમને કે માનવ માત્રને કવિ ભૂલતા નથી, માત્ર મોંઘેરી-ઝાઝેરી ગુજરાતની મીઠાશને તેઓ મન ભરી ગાય છે. આ તો મળતાં મળી ગઈ છે, ગુજરાતની ભૂમિ, અમારું સદ્ભાગ્ય છે — એવો ધન્યતાનો છલકાતો ભાવ આ ગીતમાં પ્રગટ થાય છે.

---

મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત,
ગુજરાત મોરી મોરી રે.
ભારતની ભોમમાં ઝાઝેરી ગુજરાત,
ગુજરાત મોરી મોરી રે.

ગિરનારી ટૂંકો ને ગઢ રે ઇડરિયા,
પાવાને ટોડલે મા'કાળી મૈયા,
ડગલે ને ડુંગરે ભર દેતી હૈયાં,
ગુજરાત મોરી મોરી રે.

સાબરનાં મર્દાની સોણલાં સુણાવતી,
રેવાનાં અમૃતની મર્મર ધવરાવતી,
સમદરનાં મોતીની છોળે નવરાવતી,
ગુજરાત મોરી મોરી રે.

આંખની અમીમીટ ઊમટે ચરોતરે,
ચોરવાડ-વાડીએ છાતી શી ઊભરે,
હૈયાનાં હીર પાઈ હેતભરી નીતરે,
ગુજરાત મોરી મોરી રે.

કોયલ ને મોરને મેઘમીઠે બોલડે,
નમણી પનિહારીને ભીને અંબોડલે,
નીરતીર સારસ શાં સુખ ડૂબ્યાં જોડલે,
ગુજરાત મોરી મોરી રે.

નર્મદની ગુજરાત દોહ્યલી રે જીવવી,
ગાંધીની ગુજરાત કપરી જીરવવી,
એક વાર ગાઈ કે કેમ કરી ભૂલવાં ?
ગુજરાત મોરી મોરી રે.

ભારતની ભોમમાં ઝાઝેરી ગુજરાત,
ગુજરાત મોરી મોરી રે.
મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત,
ગુજરાત મોરી મોરી રે.

## ટિપ્પણ

**મોંઘેરી** - કિંમતી, આદરમાનને પાત્ર **મોરી** - મારી **ટોડલે** - બાર સાખના ઉપલા લાકડા આગળ રહેતો છેડો **ડગલે** - પગલે **સોણલાં** - સ્વપ્ન **મર્મર** - ધીમો અવાજ **ભોમ** - ભૂમિ, જમીન **ઊમટવું** - હોંશભેર ધસવું **મર્દાની** - બહાદુરી ભરેલાં **હૈયાં** - દિલ, હૃદય **મેઘમીઠે** - મેઘ જેવું મીઠું **નમણી** - નાજુક **નીર** - પાણી, જળ **દોહયલી** - મુશ્કેલ **કપરી** - અઘરી, મુશ્કેલ **તીર** - (અહીં) કિનારો

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. મહાકાળી માતા કયા પર્વત પર બિરાજે છે ?
2. કઈ નદી વીરોની યશગાથાનું વર્ણન કરે છે ?
3. કયા પ્રદેશના લોકોની આંખોમાં અમી ભરેલા છે ?
4. ગુજરાતના કયા વીરોનો ઉલ્લેખ કાવ્યમાં કરાયો છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. ગુજરાતનાં નદી-પર્વતો વિશે કવિ શું લખે છે ?
2. ગુજરાતના વિવિધ પ્રદેશના લોકો વિશે કવિ શું જણાવે છે ?

**પ્રશ્ન 3. કાવ્યને આધારે ગુજરાતની યશગાથાનું વર્ણન કરો.**

**પ્રશ્ન 4. કાવ્યપંક્તિઓનો ભાવાર્થ સમજાવો.**

સાબરનાં મર્દાની સોણલાં સુણાવતી,
રેવાનાં અમૃતની મર્મર ધવરાવતી,
સમદરનાં મોતીની છોળે નવરાવતી,
ગુજરાત મોરી મોરી રે.

**પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.**

ભોમ, ડુંગર,મૈયા, હૈયું, ડગલું

**પ્રશ્ન 6. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

મોંઘી, ટૂંકો, અમૃત, ઝાઝું

**આટલું કરો**

1. દેશ, રાજ્ય કે પ્રદેશનો મહિમાગાન કરતા કાવ્યો બુલેટીન બૉર્ડ પર રજૂ કરો.
2. રાજ્ય કે પ્રદેશની યશગાથા રજૂ કરતું કાવ્ય લખી તમારા શિક્ષકને બતાવો.
3. 'દેશભક્તિગીત' સ્પર્ધાનું આયોજન કરો.

●